કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ,સુરત.

FIT INDIA

નં.સા.વે.ઝોન(અઠવા)/આ. ૮૩૯૦
તારીખઃ–૯–૨–૨૦૨૬.

પ્રતિ,

.........................................
.........................................
.........................................
.........................................

વિષય : સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં O.N.G.C. બ્રિજ નજીક આવેલ ફલેપગેટ પર છુટો પડી ગયેલ hinged assembly તથા ડીવાઈઝ ખામીયુકત સ્પેરપાર્ટસ દુર કરી નવા સ્પેરપાર્ટસ નાખી ફરીથી ફલેપગેટને તેની મૂળ જગ્યાએ (O.N.G.C. બ્રિજ નજીક આવેલ ફલડગેટના સ્થાન પર) ફરી ફીટ કરી મરામત અને નિભાવ કરવાનું કામ.

મહાશય,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં O.N.G.C. બ્રિજ નજીક આવેલ ફલેપગેટ પર છુટો પડી ગયેલ hinged assembly તથા ડીવાઈઝ ખામીયુકત સ્પેરપાર્ટસ દુર કરી નવા સ્પેરપાર્ટસ નાખી ફરીથી ફલેપગેટને તેની મૂળ જગ્યાએ (O.N.G.C. બ્રિજ નજીક આવેલ ફલડગેટના સ્થાન પર) ફરી ફીટ કરી મરામત અને નિભાવ કરવાનું કામનું ભાવપત્રક ઈ.એમ.ડી રૂા.૩૦૦૦/– (ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર) સહિત આ સાથે સામેલ ફોર્મેટમાં ભાવ પત્રકમાં ભાવો ભરી અત્રેની કચેરીમાં તા.૨૧-૦૨-૨૦૨૬ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં નીચે સહી કરનારને મળે એ રીતે મોકલવાના રહેશે.

**<u>સદર કામગીરી બાબતે નીચે જણાવેલ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવાના રહેશે.</u>**

| | |
|---|---|
| (૧) | ભાવ પત્રકમાં ભરેલ ભાવો તમામ પ્રવર્તમાન ટેક્ષ ( જી.એસ.ટી ) સહિત ભરવાના રહેશે. |
| (૨) | ભરેલ ભાવ પત્રકો કોઈપણ સંજોગોમાં પરત લઈ શકાશે નહિ અને શરતી ભાવ પત્રક સ્વીકારમાં આવશે નહિ. |
| (૩) | ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડરના પાછળના ભાગે જી.એસ.ટી. નંબર અને પાર્ટીકોડ અવશ્ય લખવાનો રહેશે. |
| (૪) | ભાવ પત્રક સાથે ૨૦% રકમ અનુસાર બેંક સોલવંશી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| (૫) | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| (૬) | વિષય સંલગ્ન કામગીરીના અનુભવ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| (૭) | ફલેપગેટના મરામતની કામગીરી દરમ્યાન આજુ બાજુમાં રહેતા માણસોને, મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની આપે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી આપની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં. આપ ધ્વારા કામદારોની સલામતીને ધ્યાને રાખી કામગીરી કરવાની રહેશે. |
| (૮) | ફલેપગેટના મરામતની કામગીરી કરવાનું કામ પુરુ કરી જગ્યા સાફ–સફાઈ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. તેમજ તેમ કર્યા અંગેની લેખિતમાં જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે. |
| (૯) | ફલેપગેટના મરામતની કામગીરી દરમ્યાન કામદારોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપૂર્ણ તકેદારી આપના ધ્વારા રાખવાની રહેશે. તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી આપની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ/વળતર આપના ધ્વારા ચુકવવાનું રહેશે. |
| (૧૦) | આ કામ શરૂ કરવા માટે કામની લાઈન, માર્ગદર્શન, સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે. ઈજનેરશ્રી/ જુની. ઈજનેરશ્રીનો સંપર્ક સાધવા નોંધ લેવી. |
| (૧૧) | આ કામ પુરું કરવાની સમય–મર્યાદા સદર વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) બાદ ૬ (છ) માસની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઓફર રકમના ૦.૨% લેખે પ્રતિદિન પેનલ્ટી (મહત્તમ ૧૦.૦૦%) વસુલ કરવામાં આવશે. |
| (૧૨) | જરૂર જણાયે પાવર સપ્લાય, પાણીની વ્યવસ્થા ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે. |
| (૧૩) | ઈજારદાર ધ્વારા જી.એસ.ટી. નંબર અવશ્ય લેવાનો રહેશે. અને તેની વિગત અત્રે આપવાની રહેશે. તથા સરકારશ્રી તરફથી જી.એસ.ટી. નો નિયમ લાગુ પડેલ છે, તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. |
| (૧૪) | આપના ધ્વારા કોઈ કારણોસર કામ ન કરવામાં આવે તો આપના દ્વારા અત્રે જમા કરવામાં આવેલ રકમને જપ્ત કરવામાં આવશે તથા આપના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૧૫) | કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. |

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

O/c Paresh Patel.

\E:\STROM-2025\P K Patel\O N G C ONLINE SAMMATI\LETTERS NEW.doc